## વમલેશ્વર ઘાટ પર ઉઘાડી લૂંટ ટૂરિસ્ટનો જીવ જોખમમાં!

**વમલેશ્વરથી** મીઠી તલાઈ જતી બોટમાં ક્ષમતા કરતા વધુ પરિક્રમાવાસીઓને બેસાડાતા હોવાનો આક્ષેપ


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર, ભરૂચઃ ભરૂચ જિલ્લામાં નર્મદા પરિક્રમા કરતા પરિક્રમાવાસીઓની સુરક્ષાને લઈને ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. હાંસોટ તાલુકાના વમલેશ્વરથી સામે પાર દહેજ નજીક આવેલા મીઠી તલાઈ જવા માટે બોટમાં મુસાફરી કરતા પરિક્રમાવાસીઓનો એક વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. વિડીયોમાં બોટમાં ક્ષમતા કરતા વધુ મુસાફરો બેસાડવામાં આવ્યા હોવાના આક્ષેપો સામે આવ્યા છે.

મળતી માહિતી મુજબ નર્મદા પરિક્રમા કરતા યાત્રાળુઓ વમલેશ્વર ઘાટથી મીઠી તલાઈ પહોંચવા માટે બોટનો સહારો લે છે. જિલ્લા પંચાયત દ્વારા આ ઘાટ હરાજી પ્રક્રિયા દ્વારા સંચાલકોને આપવામાં આવે છે. પરંતુ તાજેતરમાં વાયરલ થયેલા વિડીયોમાં બોટમાં મોટી સંખ્યામાં પરિક્રમાવાસીઓ બેસાડવામાં આવ્યા હોવાનું જોવા મળતા સલામતીના નિયમો અંગે ચર્ચા ઉઠી છે.

પરિક્રમાવાસીઓ પાસેથી નદી અને સમુદ્રના સંગમ સ્થળને પાર કરવા માટે વાહનો સાથે આવતા યાત્રાળુઓ પાસેથી આશરે રૂ.500 અને પગપાળા આવતા પરિક્રમાવાસીઓ પાસેથી રૂ.250 જેટલી રકમ વસૂલવામાં આવતી હોવાનો પણ આક્ષેપ છે.

આ અંગે હોડી ઘાટના સંચાલક સંકેત પટેલે જણાવ્યું હતું કે, બોટમાં નિયમો અનુસાર જ પરિક્રમાવાસીઓને બેસાડવામાં આવ્યા હતા અને તબક્કાવાર લાઈફ જેકેટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. તેમના જણાવ્યા મુજબ કેટલાક વિરોધીઓ દ્વારા ખોટી રીતે હેરાન કરવા માટે વિડીયો બનાવી વાયરલ કરવામાં આવ્યો છે.

## ભરૂચમાં ગેસના ભાવમાં ભડકો થતાં પરંપરાગત ચૂલા સિવાય છૂટકો નથી

**સામાન્ય** માણસ જીવે કેમ? કેરોસીન પુરવઠો ફરી શરૂ કરવાની માંગ



ભરૂચઃ આંતરરાષ્ટ્રીય બજારમાં ઈંધણના ભાવમાં થયેલા વધારાની સીધી અસર હવે સામાન્ય માણસના રસોડા ચુલા સુધી પહોંચી છે.

રાંધણ ગેસના સતત વધતા ભાવને કારણે ભરૂચના ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો ફરી એક વખત પરંપરાગત લાકડાંના ચૂલા તરફ વળવા મજબૂર બન્યા છે. આ સ્થિતિમાં સસ્તું ઈંધણ કેરોસીન ફરી ઉપલબ્ધ કરાવવાની માંગ જોર પકડી રહી છે.

દેશની સૌથી મોટી તેલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા રાંધણ ગેસના ભાવમાં તાજેતરમાં વધારો કરવામાં આવ્યો છે. નોંધપાત્ર વાત એ છે કે, કેન્દ્ર સરકારની મહત્ત્વકાંક્ષી પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ ગરીબ પરિવારોને સ્વચ્છ ઈંધણ પૂરું પાડવા સબસિડીવાળા ગેસ કનેક્શન આપવામાં આવ્યા હતા. પરંતુ હાલના ભાવધારણને કારણે ગેસ સિલિન્ડર રિફિલ કરાવવું આ પરિવારો માટે ભારોભાર મુશ્કેલ બની ગયું છે.

ભરૂચ શહેરના ગેલાની કુવા વિસ્તારમાં આજકાલ ગરીબ પરિવારો લાકડાં એકત્ર કરી ચૂલા સળગાવતા જોવા મળી રહ્યા છે. ભરૂચની સ્થાનિક રહેવાસી મંજુલાબેને જણાવ્યું હતું કે, અમે પહેલા ચૂલા અને કેરોસીનનો વિકલ્પ રાખતા હતા, જેનાથી ખર્ચ પર કાબૂ રહેતો હતો. હવે ગેસ સિલિન્ડર આટલા મોંઘા થઈ ગયા છે કે તેને ભરાવવો પરવડે તેમ નથી. લાકડાં પણ મોંઘાં મળે છે, હાલમાં તો ગમે ત્યાંથી લાકડાં વીણી લાવીને કામ ચલાવીએ છીએ. સરકારે જૂના જમાનાની જેમ ફરી કેરોસીન આપવું જોઈએ.

આ જ વિસ્તારના મજૂરી કરતો મોહનભાઈએ પોતાની વ્યથા વ્યક્ત કરતાં કહ્યું, અમારા ઘરે ગેસ સિલિન્ડર પૂરો થઈ ગયો છે. અને સમયસર નવો સિલિન્ડર મળતો નથી અને મળે તો પણ ભાવ જોઈને જીવ અધ્ધર થઈ જાય છે. ફરજિયાતપણે અમે ચૂલે જ રસોઈ કરીએ છીએ.



## વાલોડ-બારડોલીને જોડતા રોડનું કામ મંથર ગતિએ

**લોકો** હેરાન, આવનારા દિવસોમાં એજન્સી વિરુદ્ધ મોરચો માંડવાની ચીમકી

વાલોડઃ વાલોડથી બારડોલીને જોડતા માર્ગના નવીનીકરણ અને પહોળા કરવાની કામગીરી છેલ્લા ત્રણ મહિનાથી અત્યંત મંથર ગતિએ ચાલતા સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ત્રણ મહિનાનો સમય વીતવા છતાં માંડ ૩૦ ટકા કામ પૂર્ણ થતા આ માર્ગ પરથી પસાર થવું વાહનચાલકો માટે માથાના દુખાવા સમાન બન્યું છે.

સ્થાનિકોના આક્ષેપ મુજબ, કોન્ટ્રાક્ટર દ્વારા કામમાં કોઈ દેખરેખ રાખવામાં આવતી નથી અને અધિકારીઓ પણ મોનિટરિંગ કરવામાં નિષ્ફળ રહ્યા છે. રોડ પર પાથરેલા મેટલના કારણે બાઈક સવારો સ્લિપ થઈ રહ્યા છે, જેનાથી અકસ્માતોની સંખ્યા વધી છે. માર્ગ પર પાણીનો છંટકાવ ન થતાં ધૂળની ડમરીઓ ઊડી રહી છે, જ્યારે ગરનાળાની કામગીરીમાં સેફ્ટી બોર્ડના અભાવે રાત્રિના સમયે પસાર થવું જોખમી બન્યું છે. મજૂરો પણ સુરક્ષાનાં સાધનો વગર કામ કરી રહ્યા છે. હાલ કેટલાક દિવસોથી કામ બંધ હોવા છતાં તંત્ર મૌન સેવી રહ્યું છે. જો વહેલી તકે કામ પૂર્ણ કરવામાં નહીં આવે તો સ્થાનિકોએ ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સુંદરપુરમાં ગોચર બચાવવા ગ્રામજનો અડગ

વ્યારાઃ ઉચ્છલની માણેકપુર ગ્રુપ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ સુંદરપુર ગામમાં પંચાયત દ્વારા ગ્રામજનોને વિશ્વાસમાં લીધા વિના જ વર્ષ-2019માં ખોટો ઠરાવ પસાર કરી ગોચરની જમીન એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ બનાવવા માટે ફાળવી દેવામાં આવતાં સુંદરપુરના લોકોમાં આ બાબતે છેલ્લા ઘણા સમયથી વિરોધનો સૂર ઊઠ્યો છે અને ગ્રામજનો એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલનું બાંધકામ ગામની અન્ય સરકારી પડતર જગ્યા પર કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે અને એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ માટેનો અગાઉનો ઠરાવ રદ કરવાની માંગ ઊઠી છે. ગતરોજ સુંદરપુર ગામના લોકો ઉચ્છલ તાલુકા વિકાસ અધિકારીએ આ અંગે લેખિત રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા, ફરી લેખિતમાં રજૂઆત કરી હતી.

### અંદાડામાં મહિલાની ચેઇન ઝૂંટવી ત્રણ ફરાર

અંકલેશ્વરઃ અંદાડામાં વહેલી સવારે પાનના ગલ્લા પર બેઠેલી મહિલાની સોનાની ચેન ઝૂંટવી અજાણ્યા ત્રણ શખ્સ ફરાર થઈ ગયા હતા. ઘર પાસે પાનનો ગલ્લો ચલાવતા 50 વર્ષીય નિરૂબેન પઢીયાર રવિવારે સવારે વ્યવસાય સંભાળી રહ્યાં હતાં, ત્યારે કાળા રંગની સ્પ્લેન્ડર બાઈક પર ત્રણ અજાણ્યા શખ્સો આવ્યા હતા. લુંટારુઓએ અનોખી મોડસ ઓપરેન્ડી અપનાવી પહેલા સિગારેટ માંગી અને ત્યારબાદ ઓનલાઈન પેમેન્ટના બહાને મહિલાનું ધ્યાન ભટકાવ્યું હતું. તકનો લાભ લઈ એક શખ્સે મહિલાના ગળામાંથી રૂ.1.70 લાખની કિંમતની સવા તોલાની સોનાની ચેન ઝૂંટવી લીધી હતી. મહિલાએ હિંમતપૂર્વક પ્રતિકાર કરી બાઈક સવારને પકડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ત્રણેય શખ્સો બાઈક નં.(GJ-16-DE-7582) સ્થળ પર જ મૂકીને ગલીઓમાં નાસી છૂટ્યા હતા. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે બાઈક કબજે કરી ફરાર આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### દુકાન બંધ હોવાનું કહેતાં વેપારી પર હુમલો

પલસાણાઃ બગુમરા ખાતે રહેતા અને જોળવા પાટિયા પાસે કુબેર આર્કેટ સામે મની ટ્રાન્સફર તથા ઠંડા પીણાની દુકાન ધરાવતા વિવેક અનિલભાઈ સિંઘ (ઉં.વ.૨૬) ગત ૧૫મી માર્ચે મોડી રાત્રે પોતાની દુકાને હતા. એ સમયે બે મોપેડ પર સવાર થઈ ગૌરવ ઉર્ફે દુર્લભ વાલ્મિક જાદવ, પ્રિન્સ રાજપૂત ઉર્ફે કાલિયા, અશોક મેવાડા અને સૂરજ ઉર્ફે ગોલુ પાંડે ત્યાં આવ્યા હતા. તેઓએ ઠંડાં પીણાં અને પાણીની બોટલ માંગતા વેપારીએ દુકાન બંધ થઈ ગઈ હોવાનું જણાવ્યું હતું. આ સાંભળતા જ ઉશ્કેરાયેલા સૂરજ અને ગૌરવે વેપારી સાથે ગાળાગાળી કરી ધક્કામુક્કી શરૂ કરી હતી. ત્યારબાદ તમામ આરોપીઓએ ભેગા મળી વિવેકભાઈને કાનના ભાગે મુક્કા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. બૂમાબૂમ થતાં વેપારીનો મિત્ર વિક્રમસિંહ વચ્ચે છોડાવવા પડતા આરોપીઓએ તેની સાથે પણ ઝપાઝપી કરી હતી. હુમલાખોરોએ જતી વખતે ધમકી આપી હતી કે, હવે પછી અમે જે માંગીએ તે આપી દેવાનું, જો ના પાડશો તો તને જાનથી મારી નાંખીશું. આરોપીઓ ઉતાવળમાં પોતાની એક એક્સેસ ગાડી નં.(GJ-19-BM-0835) ઘટના સ્થળે જ મૂકી બીજી ગાડી પર ફરાર થઈ ગયા હતા. પલસાણા પોલીસે ગુનો નોંધી ફરાર આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યાં છે.


### સોનગઢમાં જુગાર રમનારા સામે કાર્યવાહી

સોનગઢઃ સોનગઢ પોલીસે ભારત પેટ્રોલિયમ પંપ પાછળ દરોડો પાડી વિકેશ ગામીત (રહે.,૧૨, અલિફનગર ઇસ્લામપુરા, સોનગઢ)ને ૧૧,૦૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો છે. તપાસમાં ખુલાસો થયો કે તે મુખ્ય સૂત્રધાર સોનગઢના ભાવેશ શાહ માટે વરલી મટકાના આંકડા લખતો હતો. પોલીસે વિકેશની ધરપકડ કરી છે, જ્યારે ફરાર ભાવેશ શાહને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

### દહેજમાં અપહરણના ગુનામાં બે ઝડપાયા

ભરૂચઃ ભરૂચના દહેજમાં ૧૧ માર્ચની રાત્રે અસ્થિર મગજની યુવતીનું અપહરણ કરી છેડતી કરનાર બે શખ્સને પોલીસે ઝડપી પાડ્યા છે. પકડાયેલ આરોપીઓમાં સૌરભસિંહ કિશ્નબહાદુર સિંગ (રહે.,જોલવા, મૂળ રાયબરેલી, યુપી) અને મુકેશ રાજેન્દ્ર યાદવ (રહે.,જોલવા, મૂળ દેવરિયા, યુપી)નો સમાવેશ થાય છે. બંને આરોપીઓ હાલ જોલવા ગામે રાજુભાઈ શાહુના મકાનમાં રહેતા હતા.

### ભરૂચ જિલ્લા લેબર લોઝ પ્રેક્ટિસનર્સ એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા મળી



ભરૂચઃ ભરૂચ જિલ્લા લેબર લોઝ પ્રેક્ટિસનર્સ એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા તાજેતરમાં ઇકબાલભાઇ અફીણવાલાના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ સભામાં આગામી વર્ષ 2026-27 માટેના નવા હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી હતી, જેમાં સંસ્થાના પ્રમુખ તરીકે બિમલભાઈ એ. ચૌહાણ, ઉપપ્રમુખ તરીકે નવનીતભાઈ સી. ગોડીગજબાર, સેક્રેટરી તરીકે પીયૂષકુમાર આર. પરમાર, જોઈન્ટ સેક્રેટરી તરીકે પ્રવીણભાઈ જે. મારુ અને અન્ય 11 કારોબારી સભ્યોની સર્વાનુમતે નિમણૂક કરવામાં આવી છે. નવનિયુક્ત બોડી દ્વારા આગામી સમયમાં વકીલો અને પ્રેક્ટિશનર્સના માર્ગદર્શન અર્થે નવા શ્રમ કાયદાઓ વિશે એક વિશેષ પરિસંવાદનું આયોજન કરવામાં આવશે તેવો નિર્ણય પણ આ સભામાં લેવામાં આવ્યો હતો.

## ઝરપણમાં માંડવી-કીમ હાઈવેના ટોલ પ્લાઝા સામે સ્થાનિકોમાં રોષ

**સરપંચોની** સંયુક્ત રજૂઆતઃ કામ પૂર્ણ નહીં થાય ત્યાં સુધી ટોલ વસૂલાત બંધ કરવાની માંગ


હિતેશ પટેલ

માંડવીઃ ઝરપણ ગામ નજીક આવેલા માંડવી-કિમ હાઈવે પર શરૂ કરાયેલા ટોલ પ્લાઝાને લઈ આસપાસના ગામોના ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ અંગે સ્થાનિક સરપંચો અને ગ્રામજનોએ સંયુક્ત રીતે માંડવીના પ્રાંત અધિકારીને રજૂઆત કરી યોગ્ય પગલાં લેવા માંગ કરી છે.

રજુઆતમાં જણાવાયું છે કે હાઈવેના નિર્માણ દરમિયાન ડાઈવર્ઝન તરીકે બનાવવામાં આવેલ રસ્તો અનેક સ્થળોએ તૂટી ગયો છે અને હાલ તેની સ્થિતિ દયનીય બની છે. રસ્તાની કાયમી મરામત કરવાની જગ્યાએ માત્ર માટી નાંખીને કામ ચલાવવામાં આવી રહ્યું હોવાનું ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે. રસ્તાનું કામ પૂર્ણ થયા વગર જ ટોલ વસૂલાત શરૂ કરાતા સ્થાનિક લોકો પર વધારાનો આર્થિક બોજ પડી રહ્યો હોવાનું પણ રજૂઆતમાં ઉલ્લેખ કરાયો છે.

વધુમાં સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોએ વિકાસના હિતમાં પોતાની કીમતી ખેતીની જમીન સરકારને સોંપી હોવા છતાં પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી નથી તેવી ફરિયાદ પણ ઉઠાવવામાં આવી છે. આશરે 45 કિલોમીટરના અંતરમાં બે ટોલ નાકા મૂકવાની પ્રક્રિયા સામે પણ ગ્રામજનોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોની માંગ છે કે રસ્તાનું કામ સંપૂર્ણ રીતે પૂર્ણ થાય અને તેની કાયમી મરામત કરવામાં આવે ત્યાં સુધી ટોલ વસૂલાત બંધ રાખવામાં આવે. સાથે જ સ્થાનિક વાહનચાલકોને ટોલમાં રાહત આપવાની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગણી પણ કરવામાં આવી છે. આ અંગે તંત્ર દ્વારા ગ્રામજનોની લાગણીઓને ધ્યાનમાં રાખી યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

## સત્તા 'એક્સપાયરી ડેટેડ', પણ ખુરશીનો મોહ અકબંધ !

**બારડોલી** પાલિકામાં પૂર્વ ચેરમેનનો રૂઆબ



બારડોલીઃ બારડોલી નગરપાલિકામાં લોકશાહી ઢબે ચૂંટાયેલી પાંખની પાંચ વર્ષની ટર્મ ૧૫મી માર્ચના રોજ પૂર્ણ થઈ ચૂકી છે. નિયમ મુજબ વહીવટદાર તરીકે પ્રાંત અધિકારી જીજ્ઞા પરમારે સત્તાનું સુકાન સંભાળી લીધું છે અને કચેરીમાંથી પદાધિકારીઓની નેમપ્લેટ પણ હટાવી દેવામાં આવી છે. આમ છતાં, પાલિકાના પૂર્વ સત્તાધીશોમાં સત્તાનો નશો ઓસરવાનું નામ લેતો નથી. સોમવારે સવારે નગરપાલિકાની કચેરી ખૂલતાની સાથે જ એક આશ્ચર્યજનક દૃશ્ય જોવા મળ્યું હતું. કારોબારી સમિતિના પૂર્વ અધ્યક્ષ જગદીશ પાટીલ સત્તાવાર હોદ્દો ન હોવા છતાં પોતાની જૂની કેબિનમાં જમાવટ કરીને બેસી ગયા હતા.

જાણે હજી પણ પોતે જ શાસન ચલાવી રહ્યા હોય તેવા આત્મવિશ્વાસ સાથે તેઓ કેબિનમાં કામગીરી કરતા નજરે પડ્યા હતા.

આ ઘટનાનો ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થતા જ નગરમાં તરેહતરેહની ચર્ચાઓ જાગી છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે જ્યારે વહીવટદારની નિમણૂક થઈ ચૂકી છે, ત્યારે કયા અધિકારથી પૂર્વ ચેરમેન સરકારી કચેરીમાં કેબિનનો ઉપયોગ કરી રહ્યા છે? એકબાજુ વહીવટી તંત્રે નેમપ્લેટો હટાવીને સત્તા પરિવર્તનનો સંકેત આપ્યો, તો બીજી બાજુ જગદીશ પાટીલે ઓફિસમાં બેસીને પોતાનો દબદબો બતાવવાનો પ્રયાસ કર્યો છે. સત્તા છૂટ્યા પછી પણ ખુરશી પ્રત્યેનો આવો વળગાડ રાજકીય વર્તુળોમાં ટીકાનું કેન્દ્ર બન્યો છે.

## અંત્રોલી પાસે ચાલુ રિક્ષામાંથી મોબાઈલ ઝૂંટવી બે શખ્સ ફરાર

પલસાણાઃ મૂળ અયોધ્યા (યુ.પી.)ના વતની અને હાલ તાતીથૈયા ખાતે ભાડેથી રહી કંપનીમાં નોકરી કરતા અખીલેશ દેવનારાયણ જયસ્વાલ ગત તા.૩ માર્ચે રાત્રિના ૧૧ વાગ્યાના અરસામાં સારોલીથી રિક્ષામાં બેસી પોતાના ઘરે તાતીથૈયા જવા નીકળ્યા હતા. જ્યારે તેમની રિક્ષા સુરત-બારડોલી રોડ પર અંત્રોલી ગામના ગેટ નં.૨ સામે પહોંચી, ત્યારે રસ્તામાં બમ્પ આવતાં રિક્ષાચાલકે રિક્ષા ધીમી પાડી હતી.

આ તકનો લાભ ઉઠાવી પાછળથી એક મોટરસાઈકલ પર સવાર થઈને આવેલા બે અજાણ્યા ઈસમ રિક્ષાની નજીક આવ્યા હતા. મોટરસાઈકલ પર પાછળ બેઠેલા શખ્સે અચાનક અખિલેશભાઈના હાથમાં રહેલો મોબાઈલ ફોન આંચકી લીધો હતો અને પળવારમાં બંને શખ્સો અંધારામાં નાસી છૂટ્યા હતા. આ અંગે ગત રોજ કડોદરા GIDC પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ હતી. પોલીસે અંદાજે ૨૦,૦૦૦ રૂપિયાના મોબાઈલ ફોનની ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


હિતેશ પટેલ

## કરંજ-હરિયાલ ગામે પૂંઠા ભરેલા ટેમ્પોમાં આગ લાગી

**ચાલકનો** સમય સૂચકતાથી બચાવ

માંડવીઃ અરેઠ તાલુકામાંથી પસાર થતા કીમ-માંડવી સ્ટેટ હાઈવે પર સોમવારે ચાલતા ટેમ્પોમાં અચાનક આગ લાગવાની ઘટના બનતાં થોડા સમય માટે અફરાતફરી મચી ગઈ હતી. જો કે, ચાલકે સમયસૂચકતા દાખવી તરત જ ટેમ્પોમાંથી નીચે ઊતરી જતા મોટી જાનહાનિ ટળી હતી.

માહિતી અનુસાર અરેઠ નજીક આવેલી એક સોલાર કંપનીમાંથી પૂંઠાં ભરેલો ટેમ્પો કીમ-માંડવી સ્ટેટ હાઈવે પરથી પસાર થઈ રહ્યો હતો. દરમિયાન કરંજ અને હરિયાળ ગામની વચ્ચે પહોંચતા જ ટેમ્પોમાંથી અચાનક ધુમાડા નીકળવા લાગ્યા હતા અને જોતજોતામાં પૂંઠાના જથ્થામાં આગ ભભૂકી ઊઠી હતી. આગ લાગતા ચાલકે તરત જ ટેમ્પો રોકી સલામત રીતે નીચે ઊતરી ગયો હતો. ઘટનાની જાણ થતાં જિલ્લા ટ્રાફિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને સાવચેતીના ભાગરૂપે હાઈવે પરનો વાહનવ્યવહાર થોડા સમય માટે રોકી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ સુમિલોન ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક તપાસમાં ટેમ્પોમાં શોર્ટ સર્કિટ થવાને કારણે આગ લાગી હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આગની ઘટનામાં ટેમ્પોમાં ભરેલો પૂંઠાનો જથ્થો બળી ખાખ થઈ ગયો હતો. આગ ઓલવાયા બાદ અને સ્થિતિ સામાન્ય થતાં પોલીસે હાઈવે પર વાહનવ્યવહાર ફરી શરૂ કરાવ્યો હતો.

## ઉમરપાડાના ગેંગરેપના ચારેય આરોપીનાં ચાર દિવસનાં રિમાન્ડ મંજૂર

વાંકલઃ ઉમરપાડા તાલુકા વિસ્તારમાં સગીરા ઉપર આચરાયેલા સામૂહિક દુષ્કર્મના ગંભીર ગુનામાં સુરત ગ્રામ્ય પોલીસે ઝડપી કાર્યવાહી કરી એક સગીર સહિત કુલ ચાર આરોપીને ઝડપી પાડ્યા હતા. મોડી રાત્રે એકલી ઘરે જઈ રહેલી સગીરાનો પીછો કરી આરોપીઓએ અવાવરુ જગ્યાએ લઈ જઈ વારાફરતી દુષ્કર્મ આચર્યું હતું. આ બનાવમાં મિતેષ વેચાણ વસાવા (રહે.,નસારપુર), આકાશ ઈશ્વરભાઈ ચૌધરી (રહે.,નસારપુર, સ્ટેશન ફળિયું), રાહુલ રાજેશ વસાવા (રહે.,ગામ વાડી ફળિયું) અને કાયદાના સંઘર્ષમાં આવેલો કિશોર સામે કાર્યવાહી કરાઈ હતી. ઉમરપાડાના ગેંગરેપના આરોપીઓને સુરત પોક્સો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ચારેય આરોપીઓનાં ચાર દિવસનાં રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યાં છે.

સુરતના પોલીસ વડા રાજેશ ઘરિયાએ જણાવ્યું હતું કે, આ કેસમાં BNS અને પોક્સો એક્ટની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે, જેમાં આજીવન કેદથી લઈ મૃત્યુદંડ સુધીની સજાની જોગવાઈ છે. આ કેસમાં FSL અને મેડિકલ એક્સપર્ટની મદદ લેવામાં આવી રહી છે.

જેથી વૈજ્ઞાનિક પુરાવાઓના આધારે આરોપીઓને કડક સજા અપાવી શકાય. હાલ ઉમરપાડા પીઆઈ જે.જે. મોડ આ કેસની તપાસ કરી રહ્યા છે. જ્યારે ઇનચાર્જ SDPO બી.કે.વનાર સુપરવિઝન કરી રહ્યા છે.

### કોસમાડામાં યુવાનનું કરંટ લાગતાં મોત

કામરેજઃ ગોડાદરા ખાતે રહેતા અને મૂળ ઉત્તરપ્રદેશના ૩૦ વર્ષીય હિતેશ સાહની કોસમાડામાં એંથમ સર્કલ નજીક વૃંદાવન બંગ્લોઝ નં.15માં સુથારીકામ કરતો હતો. દરમિયાન ડ્રીલ મશીન અને ટેબલમાં અચાનક વીજ કરંટ ઊતરતા હિતેશભાઈ ગંભીર રીતે દાઝ્યો હતો. સ્મીમેર હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું છે. મૃતક પોતાની પાછળ બે પુત્રીને વિલાપ કરતી છોડી ગયા છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વાલોડમાં આખરે પાણીની લાઈનનું રિપેરિંગ શરૂ

**ટૂંક** સમયમાં ચોખ્ખું પાણી મળી રહેશે, પાણીનો બગાડ થતો પણ અટકશે

વાલોડઃ વાલોડ ચાર રસ્તા નજીક બાયપાસ માર્ગની નવીનીકરણની કામગીરી તો કરવામાં આવી હતી. પરંતુ આ માર્ગ ઉપર મારુતિ શોરૂમ નજીક પાણીની લાઈન તૂટી ગઈ હતી. જેથી ભર ઉનાળે પાણી રસ્તા ઉપર વહી રહ્યું હતું. જે અંગેનો અહેવાલ અખબારમાં પ્રસિદ્ધ થતાં જ કોન્ટ્રાક્ટર દ્વારા પાણીની લાઈનનું રેપિરિંગ કામ શરૂ કરવામાં આવ્યું છે. જેથી આસપાસનાં ઘરોમાં ટૂંક સમયમાં ચોખ્ખું પાણી મળી રહેશે તથા પાણીનો પણ બગાડ થતો અટકશે.

વાલોડ ચાર રસ્તા આગળ બાયપાસ માર્ગના નવીનીકરણ કરવાની કામગીરી કરવામાં આવી હતી. ત્યારે આ કામગીરી દરમિયાન વાલોડ ગ્રામ પંચાયત વોટરવર્ક્સની પાઈપલાઈન તૂટી હતી, ત્યારે કોન્ટ્રાક્ટર દ્વારા બનાવવામાં પણ આવી હતી.



ત્યારબાદ ફરી એકવાર આ બાયપાસ માર્ગ ઉપર બે જગ્યા ઉપર પાણીની લાઈનમાં ભંગાણ પડ્યું હતું. જેથી આ માર્ગ પર સવાર અને સાંજના સમયે પાણી વહી રહ્યું હતું અને ઉનાળામાં પાણીનો બગાડ થઈ રહ્યો હતો. તો બીજી તરફ લાઈનનું રિપેરિંગ કામ કરવામાં ન આવતાં પાણી એમ જ વહી રહ્યું હતું અને નજીકનાં ઘરોમાં કેટલાક સમયથી ડહોળું પાણી આવતું હોવાની ફરિયાદ પણ ઊઠી હતી. અનેકવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી ન હતી. જેથી સ્થાનિકોની સમસ્યા અંગે ગુજરાતમિત્ર અખબારમાં અહેવાલ પ્રસિદ્ધ થતાં જ કોન્ટ્રાક્ટર દ્વારા સોમવારે આ તૂટેલી લાઈનનું રિપેરિંગ કામ કરવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. જેથી ટૂંક સમયમાં જ સ્થાનિકોને ડહોળું પાણીના ઉપયોગમાંથી છૂટકારો મળશે અને પાણીનો બગાડ થતો પણ અટકશે. આ સમસ્યાનો નિકાલ આવતા જ લોકોએ હાશકારો અનુભવ્યો છે.


Milano MULTIPLEX
બારડોલી
The Kerala Story 2
10:00am, 12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm, 10:00pm
Laagni No Melo-Gujarati
01:00pm, 07:00pm
Tere Naam - 04:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333